અપીલ અરજી નં. ૬૭૬ તા.૬–૩–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા :– ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને ત.જાહેર માહિતી અધિકારી (મ.શહેર વિકાસ),
ઝોનલ ચીફ  અને ત. જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન),

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૭–૧–૧૨ની અરજીથી સીટી સર્વે નં. ૫૧૮/એ વોર્ડ નં. ૧ માં આવેલ સુતરીયા કોમ્પલેક્ષવાળી મિલ્કત બાબત મુદ્દા નં. (૧) સુતરીયા કોમ્પલેક્ષના પાછળના ભાગમાં હાલમાં થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરમીશન પત્રની નકલ આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૬–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૭૬/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૭–૧–૧૨ની અરજીથી સીટી સર્વે નં.૫૧૮/એ વોર્ડ નં. ૧ માં આવેલ સુતરીયા કોમ્પલેક્ષવાળી મિલ્કત બાબત મુદ્દા નં. (૧) સુતરીયા કોમ્પલેક્ષના પાછળના ભાગમાં હાલમાં થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરમીશન પત્રની નકલ આપશો વિ. મુદ્દા નં. (૧)થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૬–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૦૨૪ તા.૧૭–૩–૧૨ થી ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને ત.જાહેર માહિતી અધિકારી (મ.શહેર વિકાસ), ઝોનલ ચીફ  અને ત. જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન), તથા અરજદારનેઅપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ/આ/૧૭ તા.૩–૪–૧૨ થી નોંધ વિભાગ, પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૧૭૧ તા.૩૦–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ ને તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ/૨૫૭૩ તા.૫–૩–૧૨ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી મ.શહેર વિકાસ તથા અરજદાર તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૭–૧–૧૨ની અરજીથી માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૧૭૧ તા.૩૦–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી મ. શહેર વિકાસ ને સમયસર તબદીલ કરેલ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/આ/૨૫૭૩ તા.૫–૩–૧૨ થી અરજદારને સમય મર્યાદાબાદ માહિતી પુરી પાડવામાં આવેલ. જેમાં અરજદારની અરજીમાં સીટી સર્વે નં. ૫૧૮/એ વોર્ડ નં. ૧ માં આવેલ સુતરીયા કોમ્પલેક્ષવાળી મિલ્કત બાબત મુદ્દા નં. (૧) સુતરીયા કોમ્પલેક્ષના પાછળના ભાગમાં હાલમાં થતાં બાંધકામને આપના વિભાગ તરફથી આપવામાં આવેલ પરમીશન પત્રની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા ૧/૫૧૮–અ વાળી મિલકતે સેન્ટ્રલઝોન તરફથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી. તેવુ જણાવેલ. પરંતુ કાર્યવાહી કરેલ છે કે નહીં તે અંગે સ્પષ્ટ પ્રકાશ પાડેલ નથી જે માહિતી દફતરી વિગતે આપવી રહી.

મુદ્દા નં.૨ હાલમાં થતા આ બાંધકામને અગર આપના વિભાગ તરફથી કોઈ પરમીશન આપવામાં આવેલ ના હોય તો વિના પરમીશને બાંધકામ કરનાર આ બાંધકામધારક વિરૂધ્ધ અત્યાર સુધીમાં કરેલ કાર્યવાહીની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા તેમણે માંગ્યા મુજબની માહિતી મળી આવેલ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૩ વધારાના થતા આ બાંધકામ માટે મિલ્કતધારક ધ્વારા આપના વિભાગમાં કોઈ રિવાઈઝડ પ્લાન મંજુર કરવામાં આવ્યો હોય તો તે રિવાઈઝડ પ્લાનની નકલ આપશો તથા આ રિવાઈઝડ પ્લાન મંજુર કરાવવા માટે મિલ્કત ધારક ધ્વારા આપના વિભાગમાં જે જે ડોકયુમેન્ટ રજુ કરવામાં આવ્યા હોય તે તમામ ડોકયુમેન્ટની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ૧/૫૧૮–અ વાળી મિલકતે રીવાઈઝડ પ્લાન મંજુર કરવા અર્થે સેન્ટ્રલઝોન ખાતે અરજી કરેલ હોવાનું ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા મળી આવેલ નથી. તેવુ જણાવેલ.

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૬–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૦૨૪ તા.૧૭–૩–૧૨ થી અપીલ દરમ્યાન માહિતી મળે તો તે બાદ નારાજગીના કિસ્સામાં આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી પણ કોઈ આધાર સહ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૬–૩–૧૨ ધ્યાને લેતાં ૪–૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૯–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૭–૧–૧૨ ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૨ સિવાય જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય અવધિબાદ પુરી પાડવામાં આવેલ છે. પરંતુ મુદ્દા નં.૨ ની નહીં પુરી પાડેલ માહિતી અંગે દફતરી હકીકત આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા ઝોનલ ચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૨

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને ત. જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,